# –:– લગ્ન વિષયક જાહેરાત –:–

(નીચેની જાહેરાતોના ફોન નંબર માટે કાગળ પેન અથવા બરછી સાથે પેન તૈયાર રાખીને ૦૨૮૧– ૨૪૫૩૦૬૩ ઉપર કોઈપણ સમયે ફોન કરી શકો છો. –તંત્રી)

(૧) બી.કોમ, એનીમેશન કોર્ષ જ. ૪/૮૮, ઉંચાઈ ૫'૬" કન્યાને યુવક સંપર્ક : ૦૭૯–

(૨) બી.ફાર્મ જ. ૩/૮૯ ઉંચાઈ ૫'૨" નોકરી કરતી કન્યાને યુવક સંપર્ક:– ૦૨૬૪૬–

(૩) એમએસસી (બાયો કેમ) જ. ૯/૮૮ ઉંચાઈ ૫'૪" ટયુશનકલાસમાં નોકરી કરતી કન્યાને યુવક સંપર્ક:– ૦૭૯

(૪) બીકોમ. ૨૬ વર્ષ ઉંચાઈ ૫'૩" કન્યા (બેંકના ઉચ્ચ અધિકારીની પુત્રી)ને યોગ્ય યુવક (કન્યાને ડાયાબીટીશ ઈન્સ્યુલીન લે છે છતા સ્વસ્થ) સંપર્ક:– ૭૬૦૦૦૩૮૯૦૦

(૫) બીકોમ. પીજીડીસીએ, ડીટીપી, જ. ૧૧/૭૯ ઉંચાઈ ૫'૬" આણંદ ખાતે નોકરી કરતા નિર્દોષ છુટાછેડા થયેલ યુવકને કન્યા : સંપર્ક:– ૯૯૨૪૪૬૩૭૭૮

(૬) બીબીએ, એમબીએ, જ.૧/૮૭ પ્રા.લી.કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક:– ૦૨૬૯૨–

(૭) બીકોમ. ડીપ્લોમાં ઈન ઈન્ટરનેશનલ એરલાઈન્સ ટ્રાવેલ મેને. જ. ૮/૮૪ ઉંચાઈ ૬'૧" ટુર્સ ટ્રાવેલ્સ એકઝીકીટીવ તરીકે નોકરી કરતા યુવકને કન્યા.સંપર્ક ૦૨૨ –

(૮) એમકોમ. સી.એ., સી.એસ. જ. ૨/૮૭, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે ફર્મમાં નોકરી કરતાયુવકને કન્યા. સંપર્ક:– ૦૭૯

(૯) ડીપ્લોમા ઈન એકાઉન્ટન્સી, જ. ૮/૧૯૮૬, ૫'.૩" ઉંચાઈ, બિરલા સનલાઈફ ઈન્સ્યુરન્સ કંપનીમાં એડવાઈઝર તરીકે કાર્યરત, (સાદો મંગળ) યુવકને કન્યા. સંપર્ક : ૦૨૬૫–

(૧૦) બી.ઇ.,એમ.બી.એ., જ. ૧૨/૧૯૮૬, ૫.'૯" ઉંચાઈ અમદાવાદ ખાતે બજાજ એલાયન્સ ઈ. કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૨૬ (ઉપલેટા)

---

**સગપણ–સગાઈ :**

☺ રાજકોટ સ્થિત નરેન્દ્રભાઈ માંકડના પુત્ર તન્મયનું સગપણ ભાવનગર નિવાસી ભવેન્દુભાઈ ઓઝાનાં પુત્રી મૈત્રી સાથે.

☺ જૂનાગઢના વરૂણ હરીશભાઈ ઝાલાનું સગપણ અમદાવાદ સ્થિત ઊર્જા જુગલકિશોરભાઈ દેસાઈ સાથે.

☺ મુંબઈ સ્થિત શ્રીમતી હીના કિશોર હરિપ્રસાદ બુચના પુત્ર ગૌરવનું સગપણ વડોદરા સ્થિત શ્રીમતી વૈશાલી ચૈતન્યભાઈ મારૂનાં પુત્રી કિંજલ સાથે.

☺ વડોદરા સ્થિત ભગીરથભાઈ ચંદ્રવદન માંકડનાં પુત્રી ઈશાનીનું સગપણ જૂનાગઢના હર્ષદભાઈ ઘોડાના પુત્ર જિગર સાથે.

☺ પેટલાદના સ્વ. કુલીનભાઈ ચંદ્રવદન માંકડનાં પુત્રી ભૂમિનું સગપણ સુરત સ્થિત અશ્વિનભાઈ ત્રંબકભાઈ બક્ષીના પુત્ર મૃદુલ સાથે.

☺ ગાંધીનગરના અપૂર્વ અરૂણરાય બુચના પુત્ર ગુંજનનું સગપણ વિપુલભાઈ નાણાવટીનાં પુત્રી વિભૂતિ સાથે.

# એક સૈકાના સેવા યજ્ઞ બાદ "નાગર ફંડ" મુંબઈનું શ્રી નાગર વિદ્યોતેજક મંડળમાં વિલીનીકરણ

મુંબઈ સ્થિત 'નાગર ફંડ' આશરે દોઢ સૈકાથી વિદ્યાર્થીઓને શિક્ષણ માટે આર્થિક સહાય કરવાનું મૂલ્યવાન કાર્ય કરી રહેલ તાજેતરમાં નાગર ફંડના જૈફ વયના પ્રમુખ મુ. શ્રી નીલકંઠભાઈ ધોળકિયાનો બરછીને મળેલ પત્ર હકીકતોથી વાકેફ કરવા અને આપણા જ પેઢી દર પેઢી વડવાઓની સેવાઓની નોંધ લેવા સાદર વંદન સાથે સંસ્થાની ઐતિહાસીક તવારીખ જાણવા-જાળવવા અત્રે પ્રસિધ્ધ કરી રહયા છીએ વાંચીએ અને વડીલોને અભિવંદન પહોંચાડીએ...તંત્રી

મુંબઈમાં અભ્યાસ કરતા વડનગરા નાગર જ્ઞાતિના વિદ્યાર્થીઓને સહાય કરવા જ્ઞાતિના વડીલ સદગૃહસ્થોએ ૧૮૭૫માં એક ફંડ શરૂ કરવાનું નકકી કર્યું. ફંડના દાતાઓની એક સભા ૧૯૦૧માં મળેલ. તેમા નકકી કરવામાં આવેલ કે જે રકમ ભેગી થઈ છે તે ઉપરાંત ભવિષ્યમાં જે રકમ મળે તેને "નાગર ફંડ" નામ આપવું. તે જ સભામાં ત્રણ ટ્રસ્ટીઓ નિમવામાં આવેલ. ૧ રાઈટ ઓનરેબલ લલ્લુભાઈ શામળદાસ મહેતા, ૨ વજેશંકર ગૌરીશંકર ઓઝા, ૩ મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠી. આ ટ્રસ્ટીઓએ ૧૯૦૧ થી ૧૯૦૭ સુધી સેવા આપેલ. ફંડની રકમ આ ટ્રસ્ટીઓના નામે બેંકમાં રાખવામાં આવેલ. ઈન્વેસ્ટમેન્ટની રસીદ બેંક ની સેફ ડીપોઝીટ વોલ્ટમાં રાખવામાં આવેલ. ત્યારબાદ ૧૯૦૭માં શ્રી વજેશંકર ઓઝાએ ટ્રસ્ટી તરીકે રાજીનામુ આપતાં અને તે જ વર્ષમાં શ્રી મનસુખરામ ત્રિપાઠીનું અવસાન થતાં ચાલુ ટ્રસ્ટી સર લલ્લુભાઈ મહેતાએ શ્રી તનસુખરામ મ. ત્રિપાઠી તથા શ્રી હરિભાઈ વજેશંકર ઓઝાની નવા ટ્રસ્ટીઓ તરીકે નિમણુક કરી. શ્રી તનસુખરામ મ. ત્રિપાઠીનું અવસાન થતા " ડીડ ઓફ એપોઈન્ટમેન્ટ ઓફ ન્યુ ટ્રસ્ટીઝ, તા. ૧૫-૫-૧૯૨૪" મુજબ સર લલ્લુભાઈ શા . ઓઝા તથા શ્રી હરિભાઈ વ ઓઝા ઉપરાંત નવા ત્રણ ટ્રસ્ટીઓની નિમણુંક કરવામાં આવેલ.૧ ધનસુખરામ તનસુખરામ ત્રિપાઠી, ૨ કલ્યાણરાય ગુલાબરાય ઘોડા,૩ શ્રી ફુલશંકર કલ્યાણરાય બક્ષી. ચાલુ ટ્રસ્ટીઓના અવસાન થતા અથવા રાજીનામા આપતા સમયે નીચે જણાવેલ સદગૃહસ્થોએ સેવા આપેલ

૧ શ્રી ભદ્રજી બ. ધ્રુવ સોલીસીટર, ૨ રૂદ્રપ્રસાદ મા. મંકોડી સોલીસીટર, ૩ નરેન્દ્રલાલ ન. પંડયા સોલીસીટર ૪ શ્રી અજીત પ્રાણલાલ યાજ્ઞિક, ૫ જયોતીન્દ્ર લલ્લુભાઈ મહેતા ૬ શ્રી રામપ્રસાદ પ્રેમશંકર બક્ષી ૭ શ્રી ગુણવંતરાય લાભશંકર બક્ષી ૮ શ્રી નટવરલાલ મણિલાલ બુચ ૯ શ્રી પ્રિયવદન અનુપલાલ બક્ષી ૧૦ શ્રી શિરીષ નટવરલાલ બક્ષી.

આજરોજ નીચે જણાવેલ ટ્રસ્ટીઓ સેવા આપી રહયા છે.

૧ ડો. નીલકંઠભાઈ મણિશંકર ધોળકિયા ૨ શ્રી નૃપેન્દ્ર જુગતરાય રીંડાણી

૩ શ્રી હર્ષદ જયપ્રકાશ બક્ષી ૪ શ્રી સુધીન સી. મજમુદાર ૫ શ્રી ગિરીશ રસિકભાઈ બક્ષી

હાલના આ ટ્રસ્ટીઓની વય વધતા તથા યુવાન જ્ઞાતિ ભાઈઓ ટ્રસ્ટી તરીકે સેવા આપવા તૈયાર ન હોવાથી તથા શિષ્યવૃતિ માટે અરજીઓ પણ આવતી ન હોવાથી ટ્રસ્ટીઓની સભામાં સર્વાનુમતે નકકી કરવામાં આવેલ કે ટ્રસ્ટનો કારભાર તેમજ ટ્રસ્ટનું ફંડ શ્રી નાગર વિદ્યોતેજક સહકારી મંડળ લી. મુંબઈને સોપી દેવો. ટ્રસ્ટના નિયમો મુજબ મુંબઈમાં અભ્યાસ કરતા વડનગરા નાગર વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવા ફંડના વ્યાજનો ઉપયોગ કરવો. આ પ્રમાણે ધી નાગર વિદ્યોતેજક સહકારી મંડળ લી. મુંબઈને ટ્રસ્ટ ફંડ સોંપી દેવામાં આવ્યો છે. (વિશાળ હિતમાં લેવાયેલ નિર્ણયને બિરદાવીએ વિદ્યોતેજક મંડળને શિક્ષણ માટે સેવાની જ્યોત જલતી રાખવા શુભેચ્છા પાઠવીએ.)

# ▲સમાચાર સંચય ▲

▲ **જુનાગઢ :-** ૫૦ વર્ષ થી કાર્યરત વિશ્વ સંસ્કૃત પ્રતિષ્ઠાન જુનાગઢ દ્વારા ગીતા જયંતી નિમિતે સંસ્કૃત સ્તોત્રગાન સ્પર્ધા તથા વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. સંસ્કૃત સ્તોત્રગાન સ્પર્ધામાં ૫૦ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં કુ. પ્રચેતાબેન વોરા બાળકોના માર્ગદર્શન હેઠળ સમસ્ત નાગર વિદ્યોતેજક મંડળના ૧૦ વિદ્યાર્થીએ ભાગ લીધો હતો. પ્રથમ વિભાગમાં માંકડ આસ્થા કેયૂરભાઈ પ્રથમ, વોરા અસિતિ ધર્મેન્દ્રભાઈ દ્વિતીય, છાયા ખુશી જાગૃતભાઈ ચોથો તથા મહેતા તનુશ્રી તુષારભાઈએ પાંચમો ક્રમાંક મેળવ્યો હતો. બીજા વિભાગમાં ધોળકિયા કક્ષા કુમારભાઈ દ્વિતીય તથા વૈષ્ણવ આયૂષ અજયભાઈ પાંચમો ક્રમાંક મેળવ્યો હતો. અંતિમ ૩૫ વર્ષથી કાર્યરત કુ. પ્રચેતાબેન વોરાનું ગોપાલકૃષ્ણ ટ્રસ્ટ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

▲ રાજકોટ મુકામે યોજાયેલ યુનીયન બેંક રીટાયર્ડ એસોશિએશનના અધિવેશનમાં શ્રી વિમલભાઈ વોરા (બરછી પ્રતિનિધિ)સતત ત્રીજી વખત ત્રણ વર્ષ માટે એસોશિએશનમાં સેન્ટ્રલ કમિટી મેમ્બર તરીકે ચુંટાઈ આવ્યા છે. આ ઉપરાંત જુનાગઢમાં સિનિયર સીટીઝન્સ મંડળના સભ્યોની પુનઃરચના થતાં શ્રી વિમલભાઈ અને શ્રી કિરીટભાઈ આચાર્ય મંડળમાં ટ્રસ્ટી તરીકે પસંદગી પામ્યા. અનંત ધર્માલય ખાતે મંડળની ૪૦૦ સભ્યોની મિટીંગમાં તેઓને પુષ્પગુચ્છથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ મંડળના પ્રમુખ તરીકે શ્રી જયોતિષભાઈ માંકડની વરણી કરવામાં આવી. ત્રણે વડીલોને અભિનંદન.

▲ કુ. કક્ષા કુમારભાઈ ધોળકિયા સંગીતના ત્રીજા વર્ષના ગાયનની પરીક્ષામાં વિશેષ યોગ્યતા સાથે ઉર્તીં થયા.

▲ તા. ૨૪-૩-૧૨ રવિવારનાં રોજ સાંજના ૬ થી ૯ , ડો. શ્રી અભિલાષ એ. વસાવડા તથા શ્રી મિતેષ અશ્વનીભાઈ વસાવડા આયોજિત, જુના હિન્દી ફિલ્મી ગીતોનો એક અવિસ્મરણીય કાર્યક્રમ યોજાઈ ગયો. અન્ય ગાયકોમાં કુ. સ્તુતિ વીરેન્દ્ર વોરા, શ્રી સંજીવ મહેતા, શ્રી રસેન્દ્રભાઈ જોષીપુરા તથા શ્રી મયૂર દેસાઈ હતા. શ્રી મયૂર દેસાઈએ રસાળ અને રમુજી શૈલીમાં સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું. સંગીત પ્રેમીઓ માટે એ રવિવારની સાંજ યાદગાર રહી. કલાકારોને અવારનવાર દાદ મળતી રહી.

▲ જુનાગઢમાં નાગર જ્ઞાતિમાં સેવાકીય પ્રવૃતિ કરતી સંસ્થા શ્રી જાગૃતિબેન ખારોડ આઈ.ટી અન્ચુ એન્ડ કોમ્પ્યુ ડેવ. ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંસ્થાના પ્રમુખશ્રી સંજીવભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ શિવરાત્રી મેળાના ચાર દિવસો દરમિયાન અત્રેની સંસ્થા શ્રી નરસિંહ મહેતાના ચોરા ખાતે મુલાકાત લેતા યાત્રિકોને વિનામુલ્યે "ચા" ની પ્યાલી પ્રસાદી રૂપે પીરસવામાં આવેલ જેનો અંદાજે સાતેક હજાર યાત્રાળુઓ એ લાભ લીધો હતો. જેને સફળ બનાવવા ટ્રસ્ટના સેટલર સુ.શ્રી. જાગૃતિબેન ખારોડ, પ્રમુખશ્રી સંજીવ મહેતા, ધવલ વસાવડા,અજય વૈષ્ણવ,મેહુલ વૈષ્ણવ, શૈલેષ દેસાઈ વિ. એ જહેમત ઉઠાવી હતી.

▲ ગાંધીગ્રામમાં વસતા નાગર પરિવારો દ્વારા (પાણીની તકલીફને ધ્યાનમાં રાખી) સમુહમાં તિલક હોળી કરી, રંગોના તહેવારની ઉજવણી કરાઈ. સાંજે સમુહમાં શ્રી જનકધાઈ છાંયાના આંગણે લાઈવ ગાંઠીયા, જલેબી અને ચા ની મોજ માણી.

▲ શ્રી હાટકેશ્વર સંસ્થા સંચાલિત અતિ પ્રાચીન એવા શ્રી બુઢેશ્વર મહાદેવનો પાટોત્સવ રંગે ચંગે ઉજવાયો. સવારે લઘુરૂદ્ર તથા હોમાત્મક હવન અને ત્યારબાદ ઠંડુ પીણું અને પાર્સલ પ્રસાદનો બહોળી સંખ્યામાં ભકતજનોએ લાભ લીધો. આ પાટોત્સવના દાતા શ્રી બળભદ્રભાઈ હરિદાસભાઈ વેષ્ણવ

હતા. સાંજે સમૂહમાં મહાઆરતી, દીપમાળા તથા રોશની કરાયેલ.

▲ શ્રી જુનાગઢ વડનગરા નાગરી પરિવાર દ્વારા ગત તા. ૩-૩-૨૦૧૩ ને રવિવારના રોજ મેંદરડા નજીક ગોવર્ધન પર્વત ઉપર સંસ્થાએ ગોઠવેલ પ્રવાસમાં ૧૫૦ થી વધુ સભ્યો એ ઉત્સાહભેર લાભ લીધો. ૧૫ જેટલી મોટી રીક્ષા દ્વારા સવારથી સાંજ સુધીના પ્રવાસમાં પર્વત ખાતે પહોંચતા ગરમ નાસ્તો-ચા તથા બપોરના ભોજનમાં ગાજરનો હલવો વિગેરેથી ભોજન ઉજવેલ. વડીલો પણ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

▲ જ્ઞાતિજનો પારિવારિક આ ઉત્સવ ઉજવાતા હોય પરંતુ શ્રી જુનાગઢ વડનગરા નાગરી પરિવાર દ્વારા "તિલક હોળી" તા. ૨૬ ૩-૨૦૧૩ ના રોજ સાંજના ૬ વાગ્યાથી ઉજવવવાનું અતિ ભાવવાહી આયોજન ઘણું જ સફળ રહયું. ૨૦૦ થી વધુ સભ્યો એ પરસ્પર ગુલાલ થી તિલક કરી શુકન કરાવ્યું. યુવાનો એ ખુલ્લા હાથે ગુલાલથી હોળી રમ્યા. ૨૦ કિલો ગુલાલ પણ ઘરૈયાઓને ઓછ઼ થયો. પ્રસંગ અનુરૂપ સીડી ઉપર ગીતોની રમઝટ ચાલુ હતી ત્યાં ઉમળકો વધી જતાં અનંત ધર્માલયના પટાંગણમાં ભાઈઓ-બહેનો એ બે કલાક ફરતા ગરબા લઈ પ્રસંગ ને ખુબ જ મહાલ્યો. અંતે જ્ઞાતિની ખાસ વાનગી પ્રમોદી, ધાણી ખજુર લાઈવ ભજીયા મોહનથાળ વિગેરેને ન્યાય આપી રાત્રીના ૯ બાદ બધા ગામની હોળીના દર્શનાર્થે નીકળ્યા. બંન્ને કાર્યક્રમોમા સફળ સંચાલન "બરછી"ના પ્રતિનિધિઓ અને સંસ્થાના સક્રિય કારોબારી સભ્યો શ્રી વિમલભાઈ વોરા તથા શ્રી નીરજભાઈ વૈષ્ણવનો અગ્રભાગ રહેલ.

▲ મીત કેયુરભાઈ ધોળકિયા બી.ઈ. (સીઈ) સેમે. ૭માં ૮૨ % સાથે ઉત્તીર્ણ થયા.

▲ અત્રેના સાવરકુંડલા સ્થિત અનીલભાઈ હરસુખરાય વસાવડાના પુત્ર હર્ષ સુરત ખાતેની સ્ટ્રેઈટ શીપ બ્રેકર સિંગાપુર પ્રા.લી. કંપની તરફથી વિશેષ તાલીમ તથા અનુભવ માટે સિંગાપુર ગયા.

▲ તા. ૨૪-૩ ના રોજ જોષીપુરા પરિવાર દ્વારા બાલાગામ ખાતે આવેલ વાસણદેવી માતાજી ખાતે શ્રી પથુભાઈ માઈ મંડળના ગરબાનું આયોજન કરવામાં આવતાં પરિવારના ૨૮ સભ્યો સહિત ૪૩ બંધુઓએ ગરબા થાળ, પ્રસાદનો લાભ લીધો હતો.

▲ **જામનગરઃ-** શ્રી હર્ષદભાઈ જે. વૈદ્ય જામનગર જિલ્લા પેન્શનર સમાજના પ્રમુખ તરીકે સર્વાનુમતે ચુંટાયા. તેઓ છેલ્લા ૨૧ વર્ષથી તેમાં વિવિધ સેવા આપી રહયા છે. અને ૧૩ વર્ષ સુધી ટ્રેઝરર તરીકે અને ૫ વર્ષ સુધી પ્રમુખ તરીકે માનદ્ સેવા આપી ચુકેલ છે.

▲ શ્રી નિશાંત હર્ષવર્ધન વૈદ્ય ભુજ મુકામે યોજાયેલ મેડીકલ રીપ્રેઝન્ટેટીવની તૃતીય ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં બેસ્ટ બોલર તરીકે પારિતોષિક મેળવ્યું.

▲ શ્રી વિરેન્દ્રભાઈ આઈ. માંકડ તથા શ્રી રમેશભાઈ એસ. માંકડ પરીવાર સહ હરીદ્વાર-ઋષિકેશ યાત્રા એ જઈ આવ્યા.

▲ ગોધરા ખાતે નેશનલ ઈન્ફર્મેટીક સેન્ટરમાં અધિકારી વર્ગ-૨ તરીકે કાર્યરત શ્રી અભિષેક રમેશભાઈ વછરાજાની ગાંધીનગર ખાતે સચિવાલયમાં બદલાયા.

▲ **રાજકોટ :-** આકાશવાણી રાજકોટ કેન્દ્રના નાટય તેમજ સુગમ સંગીતના છેલ્લા ૧૦ વર્ષથી માન્ય કલાકાર શ્રી પ્રકાશ દિ. હાથીના સુગમ સંગીત કાર્યક્રમનું રેડીયો પ્રસારણ તા. તા. ૨૭-૩-૨૦૧૩ ના સાંજે સવા છ વાગે થઈ ગયું.

▲ શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટ દ્વારા ગુજરાત તેમજ અન્ય પાંચ રાજયોના ૩૦૦૦ યુવા પ્રતિનિધિના યુવા સંમેલનમાં રાજકોટના પ્રકાશ દિ. હાથીએ વિશિષ્ટ સેવાઓ આપી તેમનું આશ્રમ

દ્વારા બહુમાન કરવામાં આવેલ.

▲ હાર્દિક મધુકરભાઈ અંજારીયા ડીસ્ટ્રી. કોર્ટ રાજકોટથી મોરબી કોર્ટ માં સ્ટેનોગ્રાફર તરીકે જોડાયા.

▲ ભૂષિત કિરીટભાઈ માંકડને ટીસીએસ કંપનીમાં આઈટી એનાલિસ્ટ તરીકે બઢતી મળી. હાર્દિક મહેન્દ્રકુમાર માંકડ બેંક ઓફ ઈન્ડિયામાં વડોદરા ખાતે ઓફીસર તરીકે નિમાયા.

▲ રવિન્દ્રભાઈ રજનીકાન્ત નાણાવટી આવકવેરા અધિકારી તરીકે ૭ વર્ષ અને કુલ ૩૯ વર્ષની સુદીર્ઘ ફરજ બજાવી નિવૃત થયા.

▲ ઈલે. એન્જિનીયરીગના વિદ્યાર્થીઓ માટે એમ.બી.આઈ.ટી.સી. કોલેજ ખાતે યોજાયેલ રાજય કક્ષાની કવીઝ કોન્ટેસ્ટમાં મિહિર કૌશિકકુમાર છાયાએ દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરી શિલ્ડ પ્રમાણપત્ર તથા રૂા ૫૦૦ નો રોકડ પુરસ્કાર મેળવ્યા.

▲ શ્રી પ્રણવાનંદ સંસ્કૃતભવન ખાતે શ્રી કૌશિકકુમાર છાયાના અધ્યક્ષ સ્થાને શાળાઓ માટેની કંઠસ્થ સંસ્કૃત વૃંદગાન સ્પર્ધા યોજાઈ ગઈ. જેમાં ત્રણ વિજેતાઓને શ્રી નરહરપ્રસાદ જોષીપુરા લિખિત શ્રીમદ્ ભાગવદ્ રસમ પુસ્તક શ્રીમતી નયનાબેન છાયાના હસ્તે આપવામાં આવ્યું.

▲ નવસારી ખાતે રોટરી આઈ. ઈન્સ્ટીટયુટમાં ૩૫ વર્ષની સુદીર્ઘ સેવા આપી ડો. પરેશઅંતાણી તાજેતરમાં રામકૃષ્ણ મેડીકલ સેન્ટર, યાજ્ઞિક રોડ સંચાલિત વિવેકાનંદ આઈ. સેન્ટરમાં " ઓપ્ટોમેટ્રીસ્ટ" તરીકે જોડાયા છે આંખની સમસ્યાના નિદાન માટે જ્ઞાતિજનો સંપર્ક કરી શકે છે –મો ૯૯૭૯૨૨૪૭૫૫

▲ ધૈર્ય કિરણભાઈ છાયા એમબીએ સેમેસ્ટર–૩માં ૯૧% મેળવી મારવાડી કોલેજમાં ત્રીજા સ્થાન સાથે ઉતીર્ણ થયા.

▲ સાંજના સમય માટે અંગ્રેજી–કોમ્પ્યુટર જાણકાર પા.ટા. ઓફિસ આસીસ્ટન્ટ જોઈએ છીએ. સંપર્કઃ– કમલભાઈ મારૂ મો. ૯૩૭૪૧૦૦૯૦૩

▲ અત્રેના કુ. શુચિ પરેશભાઈ અંતાણીએ બીપીટીની પદવી મેળવી ઈન્ટર્નશીપ પૂર્ણ કરતા ફિઝીયોથેરાપીસ્ટ તરીકે સ્વતંત્ર પ્રેકટીસ શરૂ કરી. સંપર્કઃ– ૯૪૨૭૩૮૫૩૮૭

▲ **વડોદરાઃ–** શ્રી વિશ્વેશ શિવકુમારભાઈ દેસાઈ (બરછીના આદ્યતંત્રી શાંતિભાઈ ધોળકિયાના જમાઈ) જીઈબીમાં ૩૪ વર્ષ અનેક ગામ–હોદાઓ ઉપર અત્યંત નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન ખાતેથી સેફટી એન્જીનીયર તરીકે નિવૃત થતાં સહકર્મચારીઓ તેમજ અધિકારીઓ દ્વારા ભાવભર્યા વિદાય સમારંભમાં મોમેન્ટો સાથે બહુમાન કરવામાં આવેલ.

▲ અત્રેના વિભવ કિરીટભાઈ હાથીને આઈસીઆઈસી બેંકમાં મુંબઈ ખાતે ડેપ્યુટી જનરલ મેનેજર તરીકે બઢતી મળી.

▲ શ્રી કેયુરભાઈ એન દેસાઈ (બી/૧૯ ગજાનંદ પાર્ક સોસાયટી, હરિદર્શન, ગોત્રી જકાતનાકા, વડોદરા ૨૧ ) લખી જણાવે છે કે તેઓ અમરેલીયા નાગર પરિવારનો આંબો 'અપગ્રેડ' કરવા માગતા હોવાથી મૂળ નાણાવટી અવટંક, શાખા કઉથમી, શાર્કવશ ગોત્ર, કુળદેવી તુલજાભવાની હોય તેવા જ્ઞાતિજનો એ પુત્ર–પૌત્રાદિની માહિતી ઉપરોકત સરનામે લખી મોકલી આપવા વિનંતી. વિશેષ માટે મો. ૯૪૨૬૭૦૦૪૫૫નો સંપર્ક કરશો.

▲ **અમદાવાદઃ–** ભાવનગર મિત્રમંડળ દ્વારા હૈદરાબાદના પ્રવાસનું આયોજન કરવામાં આવેલ જેમાં ૬૩ જ્ઞાતિબંધુઓ જોડાયેલ. ત્યાં સૌ એ વિવિધ સ્થળોની મુલાકાત લીધેલ.

▲ સૌ. નંદીનીબેન વૈષ્ણવને ત્યાં બહેનોએ સમૂહમાં આનંદના ગરબાનું ગાન કર્યું.

▲ **અડાલજ – ગાંધીનગર :** તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ ૨૦૧૩ અંતર્ગત યોજાયેલ મેન્સ ઓપન સીંગલ્સ બેડમિંગ્ટન સ્પર્ધામાં હરિત હર્ષદભાઈ વસાવડાએ ગાંધીનગર જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્ર મેળવ્યાં.

▲ **ભાવનગર :** અત્રેના પ્રતીક જયેશભાઈ અંતાણી (ભુજના જ્ઞાતિગોર વેદમૂર્તિ જીતુભાઈ વોરાના દોહિત્ર અને જૂની પેઢીના પોલીસ અમલદાર સ્વ. કુન્દનભાઈ અંતાણીના પૌત્ર)એ આઠમી વખત રકતદાન કરી પોતાના ૨૦મા વર્ષના પ્રવેશની અનોખી રીતે ઉજવણી કરી તો પિતા જયેશભાઈએ ૧૧૧મી વખત રકતદાન કરી પુત્ર સાથે રહયા. સ્થાનિક ન્યુઝ ચેનલોએ પિતા–પુત્રના પ્રેરણાદાયી રકતદાન પ્રવૃતિને બિરદાવી હતી.

▲ અમદાવાદ ખાતે ગુજરાત યુનિવર્સિટી તથા નોલેજ કોન્સોટેરીયમ ઓફ ગુજરાતના ઉપક્રમે યોજાયેલ રાજયકક્ષાના સપ્તધારા મહોત્સવ અંતર્ગત ડીબેટમાં આર્ષ અક્ષયકુમાર વૈદ્યએ ભાગ લઈ પ્રમાણપત્ર મેળવ્યું.

▲ શ્રી અક્ષયકુમાર એસ. વૈદ્ય તથા શ્રીમતી પન્નાબેન એ. વૈદ્ય એ ઈ ટીવી ઉપરથી પ્રસારિત થતા કાર્યક્રમમાં ફલેવર્સ ઓફ ગુજરાતમાં ભાગ લીધો.

▲ **બેંગલોર:–** શ્રી હાટકેશ્વર નાગર મંડળ બેંગલોરના ઉપક્રમે શ્રી હાટકેશ્વર દાદા ના પાટોત્સવની ઉજવણી તા. ૩૧ મી માર્ચને રવિવારના રોજ શહેર મધ્યે આવેલા ટાટા શેરવુડ કોમ્પલેક્ષના કલબ હાઉસ ખાતે કરવામાં આવી હતી. જેનો જ્ઞાતિના લગભગ ૧૧૫થી વધુ સભ્યોએ આનંદ અને ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. પ્રારંભિક કૌટુંબિક પરીચય બાદ ઉપસ્થિત જ્ઞાતિજનોએ શ્રી હાટકેશ દાદાની સ્તુતિનું પઠન કર્યુ હતું.ત્યારબાદ સૌએ શીખંડ પુરી ખમણ કચોરી સમેતના ભોજનનો રસસ્વાદ માણ્યો હતો. નાગર મંડળ બેંગલોરના ઉપક્રમે હાટકેશ્વર પાટોત્સવ ઉપરાંત નવરાત્રીના ગરબા, પતંગોત્સવ, પીકનીક અને અન્ય કાર્યક્રમો નું અવનરનવાર આયોજન કરવામાં આવ છે. ઉપરોકત કાર્યક્રમોમાં જોડાવા ઈચ્છતા જ્ઞાતિબંધુઓ શ્રી દુર્ગેશ ઝાલા મો. ૯૬૨૦૦૭૩૩૬ અથવા શ્રી જિજ્ઞેશ વસાવડા મો. ૯૮૮૬૬૭૬૦૩૦ નો સંપર્ક કરી શકે છે.

## સાત ફેરાનો સથવારો :

☹ ગાંધીનગરના અપૂર્વ અરૂણરાય બુચના પુત્ર કિલ્લોલના શુભ લગ્ન, જૂનાગઢના કમલ એમ. બુચનાં પુત્રી પૂજા સાથે. ☹ જુનાગઢના શ્રી ભુવન બંકીમભાઈ જોષીપુરાના શુભ લગ્ન જુનાગઢના શ્રી ઉદય આચાર્યનાં પુત્રી દિશા સાથે.

**અમે આભારી છીએ :** બરછી છેલ્લા આઠ માસથી કસોટી સાથે કટોકટીમાંથી પસાર થઈ રહયું છે પરંતુ જ્ઞાતિજનો–પ્રતિનિધોઓનો નાના મોટાં ગામમાં અંકો રૂબરૂ પહોંચાડવા સુધીની સેવા સાથે અનન્ય સાથ સહકાર સાથે હૂંફ મળી રહયા છે. રાજકોટમાં અનેક બંધુઓ દર મહીને કાર્યાલયેથી રૂબરૂ બરછી લઈ જાય છે ઘણા પહોંચાડવાની સેવા આપી રહયા છે, બાકીના કુરિઅરથી મોકલવામાં આવે છે. અમે પણ અમારી નિષ્ઠામાંથી જરાપણ ચલિત થયા નથી. હા, ૨૧ તારીખને બદલે પોસ્ટીંગ તારીખ અનિયમિત બની ગયેલ છે પરંતુ કોઈપણ ગામના કોઈજ ગ્રાહકોને બરછીથી વંચિત રાખેલ નથી–વિચાર પણ કરેલ નથી. પરંતુ મોટાં શહેરમાં ટપાલ ખાતાની બલિહારીથી અંક ન મળવાની સતત ચાલુ રહેલ છે જે માટે લાચાર છીએ. લાયસન્સ રીન્યુનો પ્રશ્ન કયારે હલ થશે તે તો તંત્ર અને સમય જ કહેશે. – તંત્રી

## સગપણ સગાઈ :–

– મુંબઈ સ્થિત પ્રદીપ મનસુખભાઈ વૈદ્ય તથા સૌ દીપ્તીબેનના પુત્ર ભાર્ગવનું સગપણ મુંબઈ સ્થિત ડો. નિધિશભાઈ સી. નાણાવટી તથા સૌ. સુભદ્રાબેનનાં પુત્રી ઈશિરા સાથે.

– જુનાગઢ સ્થિત શ્રીમતી કાદમ્બરી રવીન્દ્રભાઈ જોષીપુરાના પુત્ર પાર્થનું સગપણ જામનગર સ્થિત શ્રીમતી જાગૃતિ જ્યોતિનભાઈ માંકડનાં પુત્રી અમૃતા સાથે.

– મુંબઈ સ્થિત અતુલ ભાલચંદ્રભાઈ ઓઝા તથા ફાલ્ગુનીબેનના પુત્ર ચિતવનનું સગપણ જુનાગઢ સ્થિત તરંગભાઈ શિરીષભાઈ મહેતા તથા સૌ દીપીકાબેનનાં પુત્રી વિશ્વા સાથે.

– રાજકોટ સ્થિત સૌ. દીવ્યાબેન અવનિશ ધોળકિયાનાં પુત્રી ખ્યાતિનું સગપણ ઉજ્જૈન સ્થિત મુકેશભાઈ જે. વસાવડાના પુત્ર હાર્દિક સાથે.

– રાજકોટના ડો. મેઘા બંકિમભાઈ વૈષ્ણવનું સગપણ જુનાગઢ સ્થિત તત્સત પંકજભાઈ રીંડાણી સાથે.

– વડોદરા સ્થિત જુગલકિશોરભાઈ તથા શ્રીમતી રેખાબેન દેસાઈનાં પુત્રી ઊર્જાનું સગપણ અમદાવાદ સ્થિત હરેશભાઈ તથા કપિલાબેન ઝાલાના પુત્ર વરૂણ સાથે

– મુંબઈ સ્થિત કન્દ્રેશ સત્યેન્દ્રરાય વોરા તથા શ્રીમતી હર્ષાબેનનાં પુત્રી માનસીનું સગપણ અમદાવાદ સ્થિત ઉજ્જવલ હર્ષદરાય વૈષ્ણવ તથા શ્રીમતી કિરણાબેનના પુત્ર કૃણાલ સાથે.

– સૌ કિન્નરી તથા હિતાર્થ એન. વોરાના પુત્ર હાર્દિકનું સગપણ ગાંધીનગર સ્થિત જગદીશભાઈ મુનશીના પુત્રી બિંદી સાથે.

– અમદાવાદ સ્થિત દેવર્ષ અનિલકાન્ત બુચનું સગપણ ભાવનગર સ્થિત બિંદી રક્ષેશભાઈ વોરા સાથે.

## શ્રદ્ધાંજલિ

**વિદ્યુત (વિજય) વિનાયકરાય છાયા**

**રાજકોટ**

**દેહાવસાન : ૧૦–૪–૨૦૧૩**



**સંગીતાબેન વિદ્યુત છાયા**

**ફાલ્ગુની ભાવેશ છાયા**

**કનિષા–ઉદીત**

**સમસ્ત છાયા પરિવાર**

## શ્રી હાટકેશ જયંતિ અવસરે જાણીએ...

સ્વયંભુ પ્રકટ થયેલા ભગવાન શિવની ચૈત્ર સુદ ચૌદશ જયંતિ છે. એ દિવસે નાગર, નાગરબ્રાહ્મણ ગૃહસ્થો પોતાના ઈષ્ટદેવ હાટકેશદાદાની જયંતિની વિશિષ્ટ રીતે ઉજવણી કરે છે. પૌરાણિક -લોકોકિત અનુસાર હિન્દુસ્તાનમાં હાટકેશ ભગવાનની સ્થાપના નાગ લોકોએ કરેલી હતી. એ પછી એની જ્ઞાતિ "નાગર" નાગ શબ્દ પરથી ઉતરી આવ્યો. નાગ ને છઠઠી વિભકિતનો રા પ્રત્યય લગાડવાથી નાગરા થાય અને કાળક્રમે અપભ્રંશ થઈને નાગર કહેવાયા.નાગ લોકો બાકટ્રિયા નામના દેશમાંથી હિન્દુસ્તાનમાં આવ્યા. કેટલાક કાશ્મીરમાં વસ્યા તે કાશ્મીરી પંડિત ગણાયા. જયારે બીજા કેટલાક નાગ લોકો સિંધ પ્રદેશમાંથી પાતાલ નામના નગરમાં થઈને વડનગરમાં વસ્યા જે પાછળથી વડનગરા નાગર કહેવાયા. એક પ્રથા પ્રમાણે કુરુક્ષેત્રના સેફીદીન ગામ પાસે એક હાટ ગામ છે જયાં પંચનંદ સ્થળ પર હાટકેશ્વરનું પ્રાચીન મંદિર આવેલું છે. જેમાં ભગવાન શિવને બ્રહ્મા વિષ્ણુ સાથે મુકીને હાટકેશની ત્રિદેવમાં ગણના કરી છે.

– ડો. પરેશ અંતાણી, રાજકોટ.

**વ્યકિત વિશેષ :**

## શ્રી સુધાકર સંજયરાય મજમુદાર



લગભગ ૪૨ વર્ષ હાઈસ્કૂલ કક્ષાએ અને ૧૫ વર્ષ કોલેજ કક્ષાએ એમ કુલ ૫૭ વર્ષથી શિક્ષણક્ષેત્રે કાર્યરત રહેલા ૭૪ વર્ષની વયના શ્રી સુધાકર સંજયરાય મજમુદારનો પરિચય જાણવા જેવો છે... તેઓ આજ પર્યંત અથાક શિક્ષણ,સાહિત્ય,કલા સાથે સંકળાયેલા રહયા છે.... આજની તકે પણ તેઓ રાજકોટની અંગ્રેજી માધ્યમની કોલેજ શ્રી આર.પી. ભાલોડિયા કોલેજમાં સેવાઓ આપી રહયા છે. કદાચ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની તમામ કોલેજોમાં સૌથી વધુ ઉંમર અને શૈક્ષણિક અનુભવ ધરાવનારા તેઓ એક માત્ર પ્રાધ્યાપક છે. એમ.બી. એ સુધી પહોંચેલા વિદ્યાર્થીઓ તેમના જ્ઞાન અને અનુભવનો લાભ મેળવી રહેલા છે. તેઓ લિખીત અને સી. જમનાદાસ એન્ડ કાં. અમદાવાદ દ્વારા પ્રકાશિત ટેક્ષબુકો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બીબીએ-મેનેજમેન્ટના અભ્યાસક્રમમાં સ્થાન ધરાવે છે.

આકાશવાણી- રાજકોટ કેન્દ્રમાં છેલ્લા ૩૫ વર્ષથી વિવિધ કાર્યક્રમો આપ્યા છે. સાહિત્યઅને નાટક તેમના પ્રિય વિષયો છે. ગુજરાત સમાચારે (૨૦૦૭ ) અને નર્મદ સાહિત્ય સભા સુરત એ તેમની નવલિકાઓને પુરસ્કાર આપેલ છે. સંજયભાઈ લિખીત એકાંકીઓ ભજવાઈ છે. તો ચાર નવલકથાઓ હપ્તાવર જયહિન્દના પ્રકાશન "અમૃતા" માં પ્રગટ થયેલ છે. તેઓ સ્ટેજના અચ્છા કલાકાર પણ છે. ગઝલલેખન અને ચિત્રકળાના પણ તેઓ જ્ઞાતા છે. હિન્દી ભાષા ઉપર પ્રભુત્વ ધરાવતા સંજયભાઈને સૌરાષ્ટ્ર હિન્દી રચનાત્મક સમિતિ દ્વારા 'હિન્દી સેવા' બદલ સન્માનિત કરવામાં આવ્યા છે.

તેઓએ માધ્યમિક બોર્ડની પરીક્ષાઓ (ધો.૧૦ અને ધો ૧૨) માં ઉત્કૃષ્ટ કામગીરી બજાવી છે. તેમજ બેકિંગ સેવાઓ, એલઆઈસી જેવી વિવિધ જાહેર પરીક્ષાઓનું સંચાલન કર્યુ છે. વિધાનસભા અને લોકસભાની ચૂંટણીઓમાં ઝોનલ ઓફીસર તરીકે સેવાઓ આપી છે. કલેકટરશ્રીની કચેરી દ્વારા સંચાલિત "પૂર્વ સેવા તાલીમ વર્ગો " માં પણ "ભાષાસુધાર" અંગે પ્રવચનો આપ્યાં છે.

આજના શિક્ષણના 'વ્યવસાય' સાથે સંકળાયેલા બંધુઓ માટે વિશેષ પ્રેરક, બહુમુખી વ્યકિતત્વ ધરાવતા સંજયભાઈને બિરદાવવા ઘટે.

## કુ. નિરાલી માંકડ



જૂનાગઢ સ્થિત શ્રીમતી હીમા ભવદીપભાઈ માંકડનાં પુત્રી કુ. નિરાલી માંકડ જીટીયુ દ્વારા લેવાયેલ એમ.ઇ. સેમેસ્ટર-૩ની પરીક્ષામાં ૮૯% સાથે ઉત્તીર્ણ થયાં. તેણીએ સતત ત્રણે સેમેસ્ટરમાં ડીસ્ટીંગ્શન સાથે સફળતા મેળવી કુટુંબને ગૌરવ બક્ષ્યું છે. અભિનંદન.

## અંકિત મંકોડીએ સી.એસ.ની પદવી મેળવી



અ.સૌ. જિજ્ઞાસાબેન તથા શ્રી તુષારભાઈ દીનકરરાય મંકોડીના પુત્ર અને રાજકોટ સ્થિત અ.સૌ દિવ્યાબેન તથા અવનિશ મણીકાન્ત ધોળકિયાના જમાઈ અંકિત મંકોડી ડીસે.૨૦૧૨માં લેવાયેલ સી.એસ. (કંપની સેક્રેટરી)ની પરીક્ષામાં સફળતા મેળવી. આઈ.સી.ડબલ્યુ.એ. બાદ સી.એસ. તેમ બંન્ને પદવી મેળવી કુટુંબ તથા જ્ઞાતિનું ગૌરવ વધાર્યુ. અંકિત હાલ વલસાડ ખાતે અતુલ લી. માં મેનેજર ફાયનાન્સ તરીકે ફરજ બજાવી રહયા છે.

## ભાવનગર મિત્ર મંડળ, અમદાવાદ

સંસ્થાના ઉપક્રમે તા. ૧૦/૨ના રોજ ગુજરાત સાહિત્ય પરિષદ હોલ ખાતે સંગીત સંધ્યાનું આયોજન થઈ ગયું. જેની વિશિષ્ઠતા એ હતી કે ભાવનગર નાગર કુટુંબીજનોમાંથી સંગીત ક્ષેત્રે આગવું પ્રદાન આપ્યું હોય તેવા કલાકારોએ જૂના નવા ફિલ્મી ગીતો રજૂ કર્યાં હતાં. જ્ઞાતિજનો રાજકોટ સ્થિત (લીમ્કા બુક ઓફ રેકોર્ડ ફેમ) શ્રી અતુલભાઈ મહેતાના નામથી વાકેફ છે...તેઓએ દ્રષ્ટિ ગુમાવ્યા છતાં ૨૫ વર્ષથી સંગીત સાધના કરી ઓર્ગન કોમ્પ્યુટર ટ્રેક સીસ્ટમ ઉપર તૈયાર કરેલાં ગીતો સૂરીલા કંઠે રજૂ કર્યાં હતાં. તેમનું વલ્લભવિદ્યાનગરના ભૂતપુર્વ પ્રમુખ શ્રી અવંતિભાઈ ઓઝાના પુત્ર શ્રી જય વોરાના હસ્તે અભિવાદન કરવામાં આવ્યું હતું. બાદમાં ભાવનગરના શ્યામલ નિશીતભાઈ મહેતા, વિદ્યાનગરના સારંગી કમલેશભાઈ મહેતા, અમદાવાદનાં શ્રીમતી ગૌરવીબેન વસાવડા, સૌમિલ સંજીવભાઈ મહેતા તથા શ્રીમતી રન્નાબેન જીતાર્થ વોરાએ ૧૯૯૦-૨૦૦૦માં પ્રસિધ્ધ થયેલ કર્ણપ્રિય ગીતો રજૂ કરી શ્રોતાઓની દાદ મેળવી હતી.

કાર્યક્રમનું સંચાલન કુ. વૈશાલી જગદીશભાઈ ધોળકિયાએ આગવી શૈલીથી અને ફિલ્મનું નામ, ગીતના ગાયક, સંગીતકાર વગેરે માહિતી સાથે વિશિષ્ટ રીતે કર્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં પ્રમુખશ્રી ધવલ મહેતાએ સૌનું શાબ્દિક સ્વાગત કરી અંતમાં આભારદર્શન કર્યું હતું.

પ્રમુખશ્રીની અપીલને માન આપી ખર્ચને પહોંચી વળવા ઉપસ્થિત પ્રેક્ષકગણ તરફથી આશરે ૧૦ હજાર જેટલું અનુદાન મળેલ.

કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રમુખશ્રી ધવલ મહેતા, ગૌરવીબેન, પ્રેરક વોરા, જશ્મીન મહેતા તથા અન્ય કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

## રમતવીર શ્રી કૃષ્ણકુમારભાઈ છાયાની ચિર વિદાય



વિતેલા સમયના અચ્છા રમતવીર મુંબઈ સ્થિત શ્રી કૃષ્ણકુમાર ચંદ્રશંકર છાયા (ભાઈલાભાઇ)એ ૭૮ વર્ષની વયે જીવનલીલા સંકેલી. તેઓ સૌરાષ્ટ્રના ટેબલ ટેનીસ ચેમ્પીયન અને ચેસના પણ ઘણા સારા ખેલાડી કેરમમાં તો પ્રાવિણ્ય. રાજકોટ ખાતેની હાર્વે કલબ તરફથી ઓલ સૌરાષ્ટ્ર ટેબલ ટેનીસ ટુર્નામેન્ટમાં છેલ્લા સાત વરસથી ચેમ્પીયન રહેલ તે સમયના માહિર ખેલાડી રમેશ વ્યાસને હરાવીને ચેમ્પીયન થયેલ. શ્રી કૃષ્ણકુમારભાઈ ડાબોડી ફાસ્ટ બોલર દાયકાઓ પહેલાં મુંબઈ તેમજ સૌરાષ્ટ્ર બંન્ને ટીમ માંથી રણજી ટ્રોફી રમવા આમંત્રણ મળ્યું હતું. કેબલ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના રમતગમતના પ્રાણ. ભારતમાં સૌ પ્રથમ હોકી ગ્રાઉન્ડ તેમની કંપનીમાં બનાવેલું. એ સીડનીહામ તેમજ પોદાર કોલેજના ટેબલટેનીસ ચેમ્પીયન હતા. તે સમયમાં ક્રિકેટ કેપ્ટન... મુંબઈમાં ટુર્નામેન્ટમાં એક ઈનીંગ્સમાં પાંચ વિકેટ તો ઘણીવાર લીધી હતી. પરંતુ ટાઈમ્સ શીલ્ડમાં પાંચ રનમાં છ વિકેટ અને તે પણ હેટ્રિક સાથે એ તેઓની સર્વશ્રેષ્ઠ બોલીંગ હતી. તેઓની બોલીંગને શ્રી જેઆરડી તાતા એ પણ બીરદાવેલ. જુનાગઢ ટીમ તરફથી રમતાં માણાવદરમાં તેમનો એક દડો એક ખેલાડીને વાગતાં તેમનું પાસળું ભાંગી ગયેલ.

તેઓ એક સમયના ક્રિકેટર-અમ્પાયર વડોદરા સ્થિત શ્રી વિનાયકભાઈ છાયાના લઘુબંધુ થાય.શ્રધ્ધાસુમન.

## અમદાવાદ ખાતે ક. સૌ. વ. નાગર મંડળના સહયોગથી ભકતકવિ નરસિંહ મહેતાની પ્રતિમાનું અનાવરણ થયું

તા. ૨૬/૨/૨૦૧૩નો દિવસ જ્ઞાતિ માટે અને વિશેષ અમદાવાદના જ્ઞાતિજનો માટે યાદગાર બની રહયો..આ દિવસે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા વસ્ત્રાપુર તળાવનું ભકતકવિ નરસિંહ સરોવર નામાભિધાન કરવામાં આવ્યું ઉપરાંત શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળના સહયોગથી ૮ ફૂટ ઉંચી, ૪ટન વજન ધરાવતી સ્ટીલની પ્રતિમાનું અનાવરણ સાંસદ શ્રી પુરૂષોત્તમ રૂપાલા, મંત્રી આનંદીબેન અમદાવાદ શહેરના નગરપતિ શ્રી અસિતભાઈ વોરાના હસ્તે કરવામાં આવ્યું. જે સમયે શ્રી ક. સૌ. વ. નાગર મંડળના પદાધિકારીઓ તથા ૨૦૦ સભ્યો ઉપસ્થિત રહયા હતા. અનાવરણ બાદ બાજુમાં આવેલ પ્રખ્યાત શ્રી ક્ષેમુ દિવેટીયા એમ્ફિ થિયેટરમાં ડાબી બાજુ મંત્રીઓ, ધારાસભ્યો કોર્પો.ના પદાધિકારીઓએ મંચ ઉપર સ્થાન જમાવેલ. જમણી બાજુ શહેરના કલાશ્રેષ્ઠીઓએ આસન ગ્રહણ કર્યું હતું. આશરે ૨૫૦૦ પ્રેક્ષકગણમાં નામાંકિત મહાનુભાવોમાં અ.ભા.ના.પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી રજનીભાઈ મહેતા, ઉપાધ્યક્ષ શ્રી ચંપકભાઈ જોષી, સર્વશ્રી યોગેન્દ્ર રાવલ, નરેશ રાજા, રઘુવીર ખારોડ, ગજેન્દ્રભાઈ મહેતા, રાકેશભાઈ વ્યાસ, હીરૂભાઈ ભટ્ટ, શૈલેષભાઈ જોષી, તેમજ હાઈકોર્ટના પૂર્વ ન્યાયમૂર્તિઓ ચૈતન્યભાઈ બુચ, પ્રભાકરભાઈ ધોળકિયા, દિનેશભાઈ બુચ તેમજ જાણીતા સ્વરકાર ગૌરાંગ વ્યાસ તથા બહોળી સંખ્યામાં ઉપસ્થિત અસંખ્ય નાગરબંધુઓએ સમારંભને ખરી ઉંચાઈ બક્ષી હતી. અનાવરણ બાદ અમદાવાદ શહેરને ૬૦૩ વર્ષ પૂર્ણ થતાં વિવિધ કલાશ્રેષ્ઠીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આમ ત્રિસ્તરીય સમારંભનો પ્રારંભ ખ્યાતનામ શ્યામલ–સૌમિલ–આરતિ મુનશીના સુમધુર કંઠે અમદાવાદ શહેરની નખશીખ ઓળખ આપતાં ગીતથી કરવામાં આવી હતી. ત્યારબાદ મેયરશ્રી અસિતભાઈએ આવકાર પ્રવચનમાં શહેરની પ્રગતિ અને વિકાસયાત્રાની માહિતી આપી સહયોગી નાગર મંડળ તથા મહાનુભાવો, પદાધિકારીઓ,નગરજનોનો આભાર વ્યકત કર્યો હતો. સંસ્થા પ્રમુખ ડો. જયંતભાઈ વસાવડાએ છેલ્લા ૮૨ વર્ષથી જ્ઞાતિસેવામાં સક્રીય નાગર મંડળની વિવિધ પ્રવૃત્તિઓની ઝલક સૌ સમક્ષ રજૂ કરી કોર્પોરેશનના સ્તુત્ય કાર્યોને બીરદાવી સૌનો આભાર માન્યો હતો. અન્ય વકતાઓએ નરસિંહ મહેતાના ગુણગાન ગાતાં પ્રવચનો આપ્યાં હતાં.

સમારંભના અંતભાગમાં શ્યામલ–સૌમિલ–આરતિ મુનશી, હેમંત ચૌહાણ, તથા હસમુખ પાટડીયાએ કર્ણપ્રિય ભજનો, સુગમ સંગીત પીરસ્યું હતું.

આ આયોજનને સફળ બનાવવામાં સંસ્થાના સક્રીય કાર્યકરો શ્રી વિભાકર ઘોડા,શ્રી પ્રેમલ નાણાવટી, શ્રી પદમીન બુચ, શ્રી પરેશ અવાશીયા તથા શ્રી અમીત દેસાઈએ વિશેષ જહેમત ઉઠાવી હતી.

---

## ડો. કૃપ વસાવડાએ પેપર રજુ કર્યું



ગાંધીનગર નિવાસી શ્રી શૈલેષભાઈ તથા રંજનાબેન વસાવડાના પુત્ર ડો. કૃપ વસાવડા એ તાજેતરમાં રાજકોટ ખાતે યોજાયેલ આયુર્વેદનાં આંતરરાષ્ટ્રીય સેમીનાર RAJAYUCON -2013 " INSULIN PLANT -AN EFFCTIVE REMEDY FOR DIABETES MELLITUS" વિષય પર પેપર રજુ કર્યું. હાલમાં ડો. કૃપ વસાવડા કર્ણાટક સ્થિત રાજીવ ગાંધી યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સીસમાં આયુર્વેદ અનુસ્નાતકનો અભ્યાસ કરી રહયા છે.

## નાણાવટી મીટ – ૨૦૧૨

આજના હાઈ ટેક યુગમાં વિભકત કુટુંબ વ્યવસ્થા સ્વાભાવિક સ્વીકાર્ય બની છે. પરિવારો કામ-ધંધા રોજગારને આધિન સ્વજનોથી દૂર અલગ અલગ સ્થળોએ વસવા મજબુર બન્યા છે. વ્યવસ્થા અને વ્યસ્તતામાં ગુંચવાએલા પરિવારોમાં અરસ-પરસ અંતરના તારને જોડી રાખતા પ્રસંગો લાગણીના બંધનને વધુ મજબુત અને સુદઢ બનાવે છે. આવો જ એક પ્રસંગ એક કુટુંબમેળા રૂપે યોજાયો ડીસેમ્બર ૨૦૧૨માં..

જુનાગઢવાસી સ્વ. હરિપ્રસાદ શીવપ્રસાદ નાણાવટીના વંશજો અલગ અલગ દેશો શહેરોમાં વસે છે. એ સૌ મળીને લગભગ સો એક નાણાવટીઓ જમાઈઓ સહિત એકમેકના સાથને માણવા ડીસેમ્બર ૨૧,૨૨ , ૨૩-૨૦૧૨ ના રોજ વાપી શહેર ખાતે વસતા શ્રી જનાર્દન નાણાવટી (સ્વ. હરિપ્રસાદ શિવપ્રસાદ નાણાવટીના પૌત્ર તેમજ સ્વ. સુખવન્તરાય નાણાવટીના પુત્ર) ને ત્યાં એકઠા થયાં. ત્રણ દિવસના આ આયોજનને નામ અપાયું " નાણાવટી મીટ-૨૦૧૨ - એનએમ૧૨. એનએમ૧૨ માટે એક ખાસ પ્રતિક અને એક ખાસ નાણાવટી એન્થમ તૈયાર કરવામાં આવેલ.સમગ્ર આયોજન દરમિયાન પરિવારના નાના બાળકોથી માંડી ને વડીલો સુધીના તમામ લોકો જ્ઞાન-ગમ્મત-મનોરંજન ને માણી શકે તેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. ત્રણ દિવસમાંથી એક દિવસ ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવેલ. જેમાં સૌ પરિવારજનોએ હોંશભેર ભાગ લીધેલ. આ સિવાયના દિવસોમાં અલગ અલગ ઈન્ડોર ગેમ્સ તેમજ જુદા જુદા વય જૂથ આધારિત "નાણાવટી આઈડોલ" "નાણાવટી આઈડીએલ" તેમજ " નાણાવટી આઈડલ" જેવા ટેલેન્ટ શોનો આનંદ પણ ખરો જ. એક દિવસ સવારમાં દમણના દરિયા કિનારે યોગ-ધ્યાન શિબિર તો સાંજે ડી.જે. ડાન્સ પાર્ટીનો આનંદ પણ સૌ એ મન ભરીને માણેલ. એન એમ ૧૨ ના છેલ્લા દિવસે નિસર્ગની રમણીયતાને નજીકની એક વાડી ખાતે માણી , ફરી બે વર્ષ બાદ નવા રંગ-રૂપ સાથે ૨૦૧૪ માં "એનએમ૧૪" ના આયોજન માટે કરાર બધ્ધ આ સૌ નાણાવટીઓ મનમાં સ્મૃતિનિધિ ભરી પોત પોતાના સ્થળોએ પરત ફરવા રવાના થયેલ.

## પ્રતીક અંજારીયા



વડોદરા સ્થિત શ્રીમતી ધ્રુવાબેન તથા અશોકભાઈ અંજારીયાના પુત્ર પ્રતીક અંજારીયા જાન્યુઆરી ૨૦૧૩ માં બિરલા સનલાઈફ ઈન્સ્યુરન્સમાં ઈન્સ્યુરન્સ એડવાઈઝર તરીકે નિયુકત થયા ત્યારથી છેલ્લા ત્રણ માસ જ્ઞાતિજનોના વિશેષ સાથ સહકારથી સ્ટાર એડવાઈઝર અને હાયર પ્રોડયુસર એડવાઈઝર તરીકે સન્માનિત થઈ ઝોનલ મેનેજરના હસ્તે પ્રમાણપત્ર અને સ્મૃતિ ચિન્હ મેળવ્યાં છે. આ ઉપરાંત તેઓ ગુજરાતની અગ્રગણ્ય કંપની ઝવેરી સિકયુરીટીઝ સાથે સંકળાયેલ રહી રોકાણ યોજનાઓ માટે પણ સેવા આપી રહયા છે.

સ્વ. વસંતરાય (બાબુભાઈ) તથા સ્વ. કુમુદબેન અંજારીયાના પૌત્ર તથા જામનગરના સ્વ. જનાર્દનભાઈ કાંતીલાલ દેસાઈ તથા સ્વ. જનકસુતાબેનના દોહિત્ર પ્રતીક અંજારીયાએ જ્ઞાતિ અને સમાજ સેવાનો કૌટુંબિક વારસો પણ જાળવી રાખેલ છે. પિતા અશોકભાઈ એ શાંતિભાઈના સમયમાં ૭૦ના દાયકામાં બરછી પ્રતિનિધિ તરીકે સેવા આપી છે તો પુત્ર પ્રતીક આજે (શાંતિભાઈના પુત્રના સમયમાં) બરછી પ્રતિનિધી તરીકે સક્રિય સેવા આપી રહયા છે. ધન્યવાદ.

# આમજન માટે મસિહા ડો. હરિશ્ચંદ્રભાઈ બુચ



કોઈની વિદાયથી સ્વયંભૂ ગામ બંધ રહયાની, સ્મશાન યાત્રા – પ્રાર્થનાસભામાં ૧૦ થી ૨૫ હજારની ભીડ જમા થઈ હોય, પોતાના સંતાનો હવે માંદા ન પડે તેવા આશીર્વાદ લેવા સૌ અંતિમ દર્શનાર્થે ઉમટી પડયા હોય, અઢળક ફૂલહારમાં સેવાની સુવાસ મહેકતી હોય તેવી વિરલ ઘટના આજે જોવા મળે ખરી ? સાંપ્રત સમયમાં સંવેદના, કરૂણા, દયા, માનવતા જેવા સદગુણો આપણા જીવનના શબ્દકોષમાંથી લુપ્ત થતા જોઈ રહયા છીએ ત્યારે પોતાનું સમગ્ર જીવન આ સદગુણો અને મૂલ્યો થકી ઉજાળી અગણિત લોકોના જીવનમાં પ્રાણ પૂરનાર ઝાલાવાડ પંથકના આમજન માટે મસિહા,દરેક માટે સ્વજન સમા ડો. હરિશ્ચંદ્ર રમણિકલાલ બુચનો ગત માસમાં ૮૭ વર્ષની વયે જીવનદીપ બુઝાતાં આવું અંતિમ માન–સન્માન મળ્યું અને આ દ્રશ્યો લીમડીમાં તાદ્રશ્ય થયાં હતાં..આજના સમયમાં વિરલ ઘટના જ ખરીને ?

હરિશ્ચંદ્રભાઈનું બાળપણ કરાંચીમા સંસ્કારોથી સમૃધ્ધ પરંતુ આર્થિક રીતે અતિ સાધારણ કુટુંબમાં વીત્યું. દેશના ભાગલા સમયે કરાંચી છોડી પહેરેલ કપડે સૌ ભારત આવ્યા. ત્યારે હરિશ્ચંદ્રભાઈ મેડિસીનના પહેલા વર્ષમાં અભ્યાસ કરી રહયા હતા. પરિસ્થિતિને કારણે આગળનો અભ્યાસ કરવો અતિ કઠિન હતો પરંતુ દ્રઢ આત્મનિર્ધારથી ડોકટર થવાનો નિર્ણય અડગ હતો. મુંબઈની કે.ઇ.એમ. કોલેજમાં રેફયુજી સીટ પર પ્રવેશ પણ મેળવ્યો. હોસ્ટેલમાં રહેવાની નાણાકીય વ્યવસ્થા ન હોવાથી કોટનગ્રીન ખાતે ગોડાઉનમાં ચોકીદાર તરીકે નોકરી કરી રાત્રે સ્ટ્રીલાઈટના અજવાળે અભ્યાસ જારી રાખ્યો. એક વખત જમવાનું અને ટ્રામને બદલે ચાલીને કોલેજ જઈ હંમેશા અવ્વલ નંબરે જ રહયા, સ્કોલરશીપ મેળવતા રહયા અને છેલ્લા વર્ષમાં ગોલ્ડમેડલ મેળવી એમ.બી.બી.એસની પદવી મેળવી ડોકટર થયા. બાદમાં ડીપ્લોમા ઈન ચાઈલ્ડ હેલ્થ (ડીસીએચ)નો અભ્યાસ પણ કર્યો.

રાજકોટની સિવિલ હોસ્પિટલમાં મેડિકલ ઓફિસર તરીકે નોકરીમાં જોડાયા. ભાઈઓ બહેનોના લગ્ન તથાઅન્ય સાંસારિક જવાબદારી નિભાવતા ગયા.રાજકોટથી ભાયાવદર અને ત્યાંથી લીમડી બદલી થઈ જ્યાં સતત ૨૨ વર્ષ નોકરી કરી. બે વખત લોકોએ રજૂઆત કરી બદલી બંધ રખાવી પરંતુ ત્યારબાદ શકય ન બનતાં નોકરીમાંથી રાજીનામું આપી ત્યાં જ સ્વતંત્ર પ્રેકટીસ શરૂ કરી. અને તે પણ ઓછી નહી ૩૦ વર્ષ..! કેવી રીતે તે પણ જાણવા જેવું છે...૨૨ વર્ષ માત્ર ૫ રૂા.માં અને છેલ્લાં આઠ વર્ષ નાદુરસ્ત તબીયતને કારણે ભારણ ઘટાડવા રૂા. ૨૦ ફી કરી આ બંને માંથી પણ ૩૦% તો વિના મૂલ્યે જ હશે.આમ, પોતાની ભૂતકાળની પરિસ્થિતિને હંમેશા યાદ રાખી રિદ્ધિ સિદ્ધિ – પ્રસિધ્ધિથી નિર્લેપ રહી પાંચ દાયકા ખરા અર્થમાં 'ગરીબોના બેલી' બની તબીબી સેવા કરી સાચો માનવ ધર્મ બજાવી જાણ્યો. લીમડીની કેળવણી, સાહિત્ય, પાંજરાપોળ જેવી અનેક સંસ્થાઓમાં સંકળાયેલા રહીને તેમજ અનુદાનો આપીને પણ લોકસેવા કરી.

કપરા દિવસોથી માંડી સુખ સમૃધ્ધિ સુધીના જીવન દરમ્યાન અનેક તડકી છાંયડીના સાક્ષી બની રહેનાર જીવનસંગિની દક્ષાબેનનું યોગદાન ઓછું આંકી શકાય તેમ નથી. દક્ષાબેન મુંબઈના વેસ્ટર્ન રેલ્વે ચીફ શ્રી દિલસુખભાઈ છાયાનાં પુત્રી.નોકર ચાકર સાથેના ગર્ભશ્રીમંત પરિવારમાં ઉછેર છતાં માત્ર ખાનદાની અને સંસ્કાર જોઈ હરિશ્ચંદ્રભાઈ સાથે લગ્નગ્રંથિથી જોડાયાં અને આજીવન દુઃખ સુખમાં સધિયારો આપ્યો. આજે તેનું સુફળ બે પુત્રો એક પુત્રી અને તેમનાં પણ સંતાનો હર્યાભર્યા સંસાર , સાધનસંપન્નતા સાથે ભોગવી રહયા છે.

નિર્મળ સ્વભાવ, મિતભાષી, પોતાના નામને સાર્થક કરી સત્ય ને મૂલ્યોને અનુસરી જીવનની દરેક ભૂમિકાઓ સર્વશ્રેષ્ઠ રીતે ભજવી સમાજ માટે પથદર્શક બની રહેનાર પૂર્ણ પુરૂષોતમ રૂપ હરિશ્ચંદ્રભાઈનું સ્થાન હંમેશા લોકહૃદયમાં રહેશે. કોટિ કોટિ વંદન.

## અનંતના યાત્રીઓ :-

– વાસાવડ નિવાસી દિનકરરાય ઉદયશંકર ઓઝાનું રાજકોટ ખાતે ૧૦૧ની વયે
– ભાલચંદ્રભાઈ જયંતિલાલ બુચ (નિવૃત આસી. કમિશ્નર)નું રાજકોટ ખાતે.
– વિદ્યુત વિનાયકરાય છાયાનું રાજકોટ ખાતે.
– કુંજવિહાર ભાસ્કરભાઈ દેસાઈ ૮૨ વર્ષ વડોદરા ખાતે.
– શ્રીમતી કોકિલાબેન નિપૂણભાઈ દેસાઈ ૫૮ વર્ષ ભાવનગર ખાતે
– ગં. સ્વ. મંજુલાબેન સત્યંતરાય પોટા ૯૦ વર્ષ પોરબંદર
– પ્રતીક અશ્વિનભાઈ છાયા –૪૪ વર્ષ રાજકોટ. – મધુસુદનરાય દિનકરરાય મજમુદાર ૭૮ વર્ષ વડોદરા
– શ્રીમતી સુવર્ણાબેન ધીમંતરાય દેસાઈ ૮૩ વર્ષ વડોદરા.– શ્રીમતી તિલોતમાબેન એચ કીકાણી વડોદરા.
– અરૂણકાન્ત ધીરુભાઈ વસાવડા ૭૬ વર્ષ જુનાગઢ

## ઈતિહાસ ગવાહ છે...

ગુજરાતના ઈતિહાસ અંગે પ્રગટ થયેલા એક ગ્રંથની નોંધ મુજબ ૧૯ મી સદીમાં હિન્દુસ્તાનને સૌપ્રથમ વિદ્વાન અથવા તો સુશિક્ષિત પંડિતની ભેટ આપવાનું શ્રેય જુનાગઢના ફાળે જાય છે. કાઠીયાવાડ તત્કાલીન અંગ્રેજ પોલીટીકલ એજન્ટ જનરલ લા ગ્રાન્ડ જેકબે નોંધ્યુ છે કે હિન્દુસ્તાનમાં એ સમયે જ્ઞાતિવાદ એટલો તીવ્ર હતો કે માત્ર બ્રાહ્મણોને જ શિક્ષણનો અધિકાર હતો. આ સમયમાં એક માત્ર ગુજરાત સિવાય દેશનું એક પણ રાજય પંડિતને પેદા કરી શકયું ન હતું. જનરલ જેકબે નોંધે છે કે હિન્દુસ્તાનમાં સંસ્કૃતમાં પારંગત હોય એવા અનેક હતા પરંતુ એક માત્ર જુનાગઢના રણછોડજી દિવાન જ પંડિત અથવા તો સુશિક્ષિત "જેન્ટલમેન" હતા. વીરચંદ ધરમશી દ્વારા લિખિત " ભગવાનલાલ ઈન્દ્રજી ધ ફર્સ્ટ ઈન્ડીયન આર્કીયોલોજિસ્ટ (૧૮૪૨) માં જનરલ જેકબે આ મતલબની નોંધ લીધી છે. જનરલ જેકબ નોંધે છે કે રણછોડજી દિવાન (ઈ.સ. ૧૭૬૮ થી ૧૮૪૧) કલમ ઉપરાંત બરછી (શસ્ત્રવિદ્યા) માં પણ નિપૂણ હતા. જન્મે નાગરબ્રાહ્મણ હોવા છતાં તેમણે શસ્ત્રવિદ્યામાં પ્રાવિણ્ય મેળવ્યું હતું એ સમયે તેમણે અત્યંત નીંદનીય સામાજિક કુરિવાજ સતી પ્રથા અને સ્ત્રીભ્રૂણ હત્યાને રોકવામાં સરકારને ખુબ મદદ કરી હતી. રણછોડજીએ ફારસી, વ્રજ અને ગુજરાતી ભાષામાં ગ્રંથો લખ્યા છે. રણછોડજીને ગિરનારના શિલાલેખોમાં પણ ખુબ દિલચસ્પી હતી.

સૌજન્ય : ટાઈમ્સ ઓફ ઈન્ડિયા ૧૧-૧-૨૦૧૩ અનુવાદ : શ્રી રઘુવીર વૈષ્ણવ

## ભાડે આપવાનું છે...

રાજકોટ ખાતે યુનિ. રોડ ઉપર નાગરગૃહસ્થને એક બેડરૂમ–હોલ–કીચન એટેચબાથ– અગાસી ના આગળના ભાગ સાથે ફીકચર્સ સાથેની પુરી સવલત, સોલાર વ્યવસ્થા સહિત ભાડે આપવાનો છે.

**સંપર્ક કરો :– ૦૭૯ ૨૬૮૮૦૨૩૯ મો. :– ૯૯૦૯૯૯૫૦૮૧ અને ૯૯૦૯૯૯૫૦૮૨**

## માંકડ કુટુંબનો કુંભ (કુટુંબ) મેળો

જામનગરના વતની સ્વ. પૂ. હરિભાઈ તથા શાંતિલાલ માંકડનો કુટુંબમેળો તા. ૨૩-૧-૨૦૧૩ ના રોજ નાગર નરસિંહના ધામમાં જુનાગઢમાં ગિરનારની ગોદમાં આવેલા પ્રેરણાધામમાં યોજાયો.
વર્તમાન યુગની તાતી જરૂરિયાત સમી આ પ્રવૃતિનું સોનેરી સૂચન 'કુટુંબજયોત' વધુ પ્રજવલ્લિત કરવાનું શ્રી નિતીનભાઈ માંકડે કર્યું. અને આ સૂચનને ચિ. ઉદય, દીપક અંતાણી, પંકજભાઈ અને વિજય માંકડે ઝીલી નિષ્ઠાપૂર્વક અને જહેમતથી પાર પાડયું. બંન્ને ભાઈઓના કુટુંબના કુલ ૧૪૨ સભ્યોમાંથી ૮૦ સભ્યો હાજર રહયા. આ મેળામાં ચાર વર્ષના બાળકથી માંડીને ૮૮ થી ૯૦ વર્ષના વડીલોએ સક્રિય રીતે આનંદથી ભાગ લીધો.પ્રવૃતિની શુભ શરૂઆત દરેક સભ્યની વ્યકિતગત ઓળખવિધિ ત્યારબાદ વયમર્યાદા પ્રમાણે મનગમતી મનોરંજન પ્રવૃતિઓ- આજુબાજુના રમણીય સ્થળોની મુલાકાત આ મેળાની વિશેષતા-ભવનાથની સાયં આરતીમાં 'અમ નાગર નરસિંહના વંશજ' ને સાકાર કરવા પુરૂષોએ મુગટા-ઝભ્ભાનો પહેરવેશ અને બહેનોએ નાગરી બાંધણી પહેરી હાજરી આપી. પ્રત્યેક પ્રવૃતિમાં રસમય ભાગ લઈ કુટુંબના દરેક સભ્યોને મનોરંજનની દુનિયામાં સફર કરાવી,કુટુંબપ્રેમ-સહકારનીભાવના સુદઢ બનાવી-વડીલોને વિશેષ સન્માન રૂપે " ચાંદીના નકશીવાળા પગલાં" ની ભેટ અને બાકીના સભ્યોને કુટુંબદીઠ અમારા પ્રાતઃ સ્મરણીય વડીલો સ્વ. હરીભાઈ-બાબુભાઈના ફોટાની ફ્રેમ યાદગીરીરૂપે નિતીનભાઈ તથા અ.સૌ. મીનાક્ષી માંકડ તરફથી આપવામાં આવી. કુટુંબની અન્ય વ્યકિતઓએ પણ અરસપરસ આકર્ષક ભેટો આપી. ચાર દિવસ સુધી મનગમતા નાસ્તા-મિષ્ટ અને નમકીન ભોજન આરોગી તૃપ્તિ અનુભવતા સહુ કુટુંબીજનો તા. ૨૭-૧ ના રોજ સહુ અનુકુળ તા મુજબ આ કુટુંબમેળાના અવર્ણનીય આનંદનું ભાથું લઈ ફરી મળવાના સંકલ્પ સાથે -મા અંબા જવાળામુખી હાટકેશના જયનાદ સાથે પોતપોતાની દિશા તરફ જવા પ્રસ્થાન કર્યું હતું.

### શ્રીમતી ઝરણા વસાવડા



ગાંધીધામ કચ્છ ખાતે સંગીત ગુરૂ જયદીપ વૈદ્ય સંચાલિત હાર્મની ઈન્સ્ટીટયુટ દ્વારા સંગીતસંઘ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના ૨૫૦ વિદ્યાર્થીઓએ ગાયન વાદનનો રસથાળ પીરસી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યાં હતાં.આ કાર્યક્રમમાં ઝરણાબેન વસાવડાએ વૈદ્યના માર્ગદર્શનમાં તૈયાર કરેલાં આશા ભોંસલેના ગીતો સૂરીલા કંઠે રજૂ કરવા બદલ 'શ્રેષ્ઠ કલાકાર'નો મોમેન્ટો મેળવ્યો હતો.તા. ૮/૩ના રોજ ગાંધીધામ ઈનરવ્હીલ કલબ આયોજિત ભજન સ્પર્ધામાં પણ ઝરણા વસાવડાએ પ્રથમ સ્થાન મેળવ્યું.

## રાષ્ટ્રીય સ્તરે તૃતીય સ્થાન મેળવતા સાહિલ દેસાઈ



ફેબ્રુઆરી-૧૩ની ૫ થી૯ તારીખ વચ્ચે કલ્યાણી યુનિવર્સિટી (પશ્ચિમ બંગાળ ) ખાતે યોજાયેલ આંતર યુનિવર્સિટી યુવક મહોત્સવમાં વિદ્યાનગરના સાહિલ દેસાઈ માઈમમાં તૃતીય સ્થાને વિજેતા થયા. જે બદલ તેમને તા. ૩-૩-૨૦૧૩ ના રોજ વિદ્યાનગરના સ્થાપના દિનની ઉજવણીના ભાગરૂપે ચરોતર વિદ્યામંડળના પ્રમુખ તથા એલીકોન ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેનના હસ્તે ચરોતર ગૌરવના પ્રતીકરૂપે ટ્રોફી એનાયત કરવામાં આવી. વિદ્યાનગર સ્થિત જી.સેટ એન્જીનીયરીંગ કોલેજમાં મીકેનીકલ એન્જીનીયરીંગમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરી રહેલા સાહિલ અમદાવાદ સ્થિત શ્રી અંબરિષભાઈ તથા કુંજલીલાબહેન દેસાઈના પૌત્ર તથા વડોદરા સ્થિત શ્રી મધુસુદનભાઈ તથા સ્વ. દામિની વૈષ્ણવના દોહિત્ર થાય.

## પેઈંગ ગેસ્ટની સુવિધા

અમદાવાદમાં નહેરૂનગર પાસે સૌરાષ્ટ્ર કચ્છ તથા વડોદરા જતી આવતી બસ તથા બીઆરટીએસ બસ સ્ટન્ડ નજીક આવેલ ૫, માંગલ્યમ્ સોસાયટી ખાતે નોકરી કે ઉચ્ચ અભ્યાસ કરતા નાગર યુવકો (તથા તેની સાથેના અન્ય જ્ઞાતિના મિત્રો) ને માત્ર રહેવા માટે પેઈંગ ગેસ્ટની સુવિધા મળી શકશે.

**સંપર્ક : કમલકાંત વસાવડા**
**ફોન : ૦૭૯–૨૬૬૦૫૨૮૮**
**અથવા મો. ૯૮૭૯૫૯૬૦૩૦**

## ડોકટર્સ માટે ખુશખબર...

હોસ્પિટલમાં જૂના નવા કેસથી એકાઉન્ટ સુધી કોઈજ પ્રકારનું પેપર વર્ક કરવાની જરૂરીયાત રહે નહી ઉપરાંત...

- દર્દીઓનો ડેટા તથા સંપૂર્ણ રેકોર્ડ
- દવાઓનું લીસ્ટ
- એડીશન– ઓલ્ટરનેશન – ફાઈન લૂક
- પ્રિન્ટ આઉટ તેમજ અન્ય ઘણી બધી ફેસેલીટીઝ ધરાવતો 'હોસ્પિટલ સોફટવેર' અમે તૈયાર કરેલ છે.ગામે ગામ ડેમો જોવા મો. નં. ૯૭૨૫૦૭૬૧૨૧ જોડો. ઘણી માહિતી અને વિશેષતાઓ ડેમો જોવાથી અને રૂબરૂ મળવાથી જ મેળવી શકશો...

## ABM TRAVELS

**WINTER DHAMAKA**
Singapore-Malaysia (6N/7D) Rs.69750
Singapore-Malaysia-Thailand (10N/11D) Rs.89750 per Adult/HongKong-Shenzhan (7N/8D)Rs.84750 - All Inclusive.

**Honeymoon tours**
Kerala/Rajasthan/Himachal/Goa
Mauritius/Maldives/Thailand/Bali/Sri Lanka
Langkavi-Penang/Phuket-Krebi-Samui

**Mountain Resort**
Nainital-Mussoorie/Darjeeling-Gangatok
Ooty-Kodaikanal/Mt.Abu/Leh-Ladakh

**Beach Resort**
Goa/Kumarakom-Alleppy/Kovalam-Poovar

**Cruise tours**
STAR cruise : Singapore-Malaysia-Thailand
Royal Cerribian : Mediterranean/Scandinevia
MSC cruise : Northern Europe/Mediterranean

**Pilgrims** CharDham/ Amarnath/Kailas-Mansarovar
Vaishnodevi/Tirupati/Ashta Vinayak
Panch Jyotirlings/Shirdi-Shinganapur

Booking of International destinations
SOTC THOMAS COOK COX & KING
STAR TOURS CLUB 7 KESARI

**Avinash Mehta, Mumbai 09820817318**
**abmtravels@gmail.com**

નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર **સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ** ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં, સિદ્ધપુર. ફોન : ૨૭૬૭–૨૨૧૯૩૫

**KALAM KADCHHI BARCHHI-GRJ-23**
**Registration Valid upto 31-12-2011**

**If not delivered Pl. return to :**
Barchhi Karyalaya,Kotechanagar Main Rd,
Rajkot - 360 001..

**તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા**
**મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોન: ૨૪૫૩૦૬૩**